# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 30-06-2024 Midday : 1.20 to 1.30
Day : SUNDAY National News

**આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.**

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' કાર્યક્રમના માધ્યમથી દેશવાસીઓને સંબોધન કરતા વિવિધ મુદ્દે વિચારો વ્યક્ત કર્યા
- ✓ શ્રી મોદીએ મન કી બાત કાર્યક્રમમાં 'એક પેડ મા કે નામ' અને આંધ્ર પ્રદેશની અરાકૂ કોફી સહિતના અનેક મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો
- ✓ દેશમાં આવતીકાલથી ત્રણ નવા ફોજદારી કાયદા અમલી બનશે
- ✓ ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી
- ✓ અને દક્ષિણ આફ્રિકાને હરાવી ભારત ટી20 વિશ્વવિજેતા બન્યું.

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MANN KI BAAT WITH BYTES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભા ચૂંટણીમાં બંધારણ અને દેશની લોકશાહી વ્યવસ્થાઓ પર પુનઃવિશ્વાસ કરવા બદલ દેશવાસીઓનો આભાર વ્યક્ત કર્યો છે. આજે આકાશવાણી પરથી પ્રસારિત થયેલા “મન કી બાત” કાર્યક્રમના માધ્યમથી રાષ્ટ્રને સંબોધિત કરતા પ્રધાનમંત્રીએ અનેક વિષય પર પોતાના વિચાર રજૂ કર્યા હતા.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આજના 30 જૂનના દિવસને “હૂલ દિવસ” તરીકે ઉજવવામાં આવતો હોવાથી આજનો દિવસ ઘણો મહત્વનો છે.

**(બાઈટ – નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)**

**પ્રધાનમંત્રીએ આવતા મહિનાથી શરૂ થનારા પેરિસ ઑલિમ્પિક અંગે વાત કરતાં ઓલિમ્પિક રમતો માટે ભારતીય દળને શુભેચ્છા પાઠવી હતી.**

**(બાઈટ – નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)**

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, કુવૈત સરકારે પોતાના રાષ્ટ્રીય રેડિયો પર હિન્દીમાં એક વિશેષ કાર્યક્રમ શરૂ કર્યો છે. કુવૈત રેડિયો પર દર રવિવારે અડધો કલાક આ કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે. શ્રી મોદીએ કહ્યું, ભારતીય ફિલ્મ અને કળા જગત સાથે જોડાયેલી ચર્ચાઓ ત્યાં ભારતીય સમુદાય વચ્ચે ઘણી લોકપ્રિય છે. પ્રધાનમંત્રીએ આ પહેલ બદલ કુવૈત સરકાર અને ત્યાંના નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રીએ આકાશવાણી સંસ્કૃત બુલેટિનને પ્રસારણના 50 વર્ષ પૂર્ણ થવા બદલ આકાશવાણી પરિવારને શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે...

**(બાઈટ – નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)**

. . . . . . . . . . . . . . . . .

POOL – PRAVESH (નવીન)

# PM MANN KI BAAT-1

શ્રી મોદીએ વિશ્વ પર્યાવરણ દિવસ પર આ વર્ષે શરૂ કરાયેલ વિશેષ ઝુંબેશ ‘એક વૃક્ષ માતાને નામ’નો ઉલ્લેખ કર્યો. તેમણે લોકોને અપીલ કરી કે તેઓ પોતાની માતા સાથે મળીને અથવા તેમની સમૃતિમાં એક વૃક્ષ વાવે.

તેમણે કહ્યું કે આ ઝુંબેશે લોકોને સોશિયલ મીડિયા પર ‘હેશટેગ પ્લાન્ટ ફૉર મધર’ અને ‘હેશટેગ એક પેડ મા કે નામ’ સાથે તસવીરો શેર કરી માતા પ્રત્યે સ્નેહ વ્યક્ત કરવાની તક પ્રદાન કરી.

પ્રધાનમંત્રીએ કહ્યું કે છેલ્લા એક દાયકા દરમિયાન દેશના વન્ય વિસ્તારનો અભૂતપૂર્વ વિસ્તાર થયો છે. અમૃત મહોત્સવ દરમિયાન દેશભરમાં 60 હજારથી વધારે અમૃત સરોવર બનાવવામાં આવ્યા.

ચોમાસાનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ કેરળમાં બનાવાતી વિશેષ છત્રી ‘કાર્થુમ્બી’નો ઉલ્લેખ કર્યો. તેમણે આ છત્રીઓ બનાવનારી આદિવાસી મહિલાઓની સરાહના કરી. પ્રધાનમંત્રીએ આઁધ્ર પ્રદેશના અલ્લૂરી સીતારામ રાજૂ જિલ્લામાં મોટી સંખ્યામાં ઉત્પાદીત અરાકૂ કૉફીના ઉત્પાદનનો ઉલ્લેખ કર્યો. શ્રી મોદીએ અરાકૂ કોફીને નવી ઉંચાઈઓ પર લઈ જવા માટે ફાળો આપનાર ગિરિજન સહકારી સમિતિની સરાહના કરી. તેમણે કહ્યું કે આ કોફીને કારણે ખેડૂતોની આવક વધી છે, અને કોંડા ડોરા આદિવાસી સમુદાયને લાભ થયો છે.

શ્રી મોદીએ જમ્મૂ કાશ્મીરમાં થતા સ્નો મટર એટલે વટાણાનો ઉલ્લેખ કરતા કહ્યું કે હાલમાં જ આ વટાણાનો પ્રથમ જથ્થો પુલવામાંથી લંડન મોકલાયો. તેમણે કહ્યું કે આવા પાક કાશ્મીરના ખેડૂતોની સમૃદ્ધિના દ્વાર ખોલી રહ્યા છે.

વધુમાં શ્રી મોદીએ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણીનો ઉલ્લેખ પણ કર્યો.

પ્રધાનમંત્રીએ એક સપ્તાહ બાદ શરૂ થનારી રથયાત્રા વિશે પણ કાર્યક્રમમાં વાત કરી. તેમણે અમરનાથ યાત્રા અને પંઢરપુર વારીનો ઉલ્લેખ કરતા આ યાત્રામાં સામેલ થનારા શ્રદ્ધાળુઓને શુભેચ્છા પાઠવી. સાથે જ કચ્છી નવ વર્ષ-અષાઢી બીજ વર્ષ માટેની શુભેચ્છા પણ પાઠવી.

શ્રી મોદીએ મની કી બાત કાર્યક્રમ દ્વારા લોકો સાથે ફરી જોડાવવા બદલ આનંદ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે મન કી બાત કાર્યક્રમ દ્વારા ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ, ઇતિહાસ અને વિકસીત ભારતની દિશામાં થઈ રહેલા પ્રયાસોની ચર્ચા થતી રહેશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# THREE LAWS

દેશમાં આવતીકાલથી ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ એમ ત્રણ નવા ફોજદારી અમલમાં આવશે. કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે નિયમિત બેઠક યોજી છે અને તેઓ આ ત્રણેય નવા કાયદા લાગુ કરવા માટે ટેકનોલૉજી, ક્ષમતા નિર્માણ અને જાગૃતિ વધારવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે.

આ મામલે પોલીસ અને તપાસ અધિકારીઓને તાલીમ આપવામાં આવી છે. આકાશવાણી અને દૂરદર્શનના સમાચાર બૂલેટિન, કાર્યક્રમો, ચર્ચાઓ અને સામાજિક માધ્યમના પ્લેટફૉર્મની મદદથી આ વિષય અંગે ઊંડાણપૂર્વક ચર્ચાઓ તેમ જ વિશ્લેષણ કરવામાં આયા છે. જનજાગૃતિ અભિયાન, સંવાદ કાર્યક્રમ, માહિતીપ્રદ વેબસાઈટ્સ અને મંત્રીસ્તરના વેબિનારનું આયોજન પણ કરવામાં આવ્યું. આ ઉપરાંત વિદ્યાલય અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસક્રમ મોડ્યુલને ફરજિયાતપણે સામેલ કરવામાં આવ્યો.

નવા ફોજદારી કાયદાઓમાં તપાસ, કેસ અને અદાલતની કાર્યવાહીમાં ટેકનોલૉજી-તકન પર ભાર આપવામાં આવ્યો છે. આ માટે નેશનલ ક્રાઈમ રેકૉર્ડ બ્યૂરો – N.C.R.B.એ વર્તમાન ગુનાઓ અને ગુનાખોરીના ટ્રેકિંગ નેટવર્ક તેમ જ પ્રણાલી C.C.T.N.S. એપ્લિકેશનમાં 21 કાર્યાત્મક ફેરફાર કર્યા છે.

# JAYSHANKAR

કેન્દ્રીય વિદેશમંત્રી એસ. જયશંકર આજે કતારની એક દિવસીય મુલાકાતે જઈ રહ્યા છે. આ યાત્રા દરમિયાન વિદેશ મંત્રી કતારના પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી સાથે મુલાકાત કરશે.

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે ભારત અને કતાર વચ્ચે ઐતિહાસિક મૈત્રીપૂર્ણ સંબંધ છે. વિદેશમંત્રીના આ પ્રવાસથી બંને દેશો વચ્ચે રાજકીય, વેપાર, રોકાણ, ઊર્જા, સુરક્ષા, સાંસ્કૃતિક ઉપરાંત આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ સહિત દ્વીપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓની સમીક્ષા કરાશે. આ પૂર્વે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 14-15 ફેબ્રુઆરીના રોજ કતારના પ્રવાસે ગયા હતા.

# IMD WEATHER

દક્ષિણ પશ્ચિમ ચોમાસું પૂર્વીય ઉત્તર પ્રદેશ અને પશ્ચિમી ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં આગળ વધ્યું છે. હવામાન વિભાગ અનુસાર પશ્ચિમ રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, પંજાબ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં, ઉપરાંત હિમાચલ પ્રદેશ અને જમ્મૂ કાશ્મીરમાં આગામી બેથી ત્રણ દિવસ સુધી ચોમાસું આગળ વધવાની અનુકૂળ સ્થિતિ બનેલી છે.

આગામી બેથી ત્રણ દિવસમાં તામિલનાડુ, મેઘાલય, પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારો, સિક્કીમ અને ઉત્તર પ્રદેશના ઘણા ભાગો ઉપરાંત ઓડિશા, અરૂણાચલ પ્રદેશ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત તેમજ દક્ષિણ કર્ણાટકમાં ભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગ અનુસાર આગામી 24 કલાકમાં દિલ્હી-એનસીઆરના વિસ્તારોમાં મધ્યમ વરસાદ વરસી શકે છે.

# AMARNATH YATRA

અમરનાથ યાત્રાના પ્રથમ દિવસે 13 હજાર શ્રદ્ધાળુએ પવિત્ર ગુફાના દર્શન કર્યાં છે. દરમિયાન 6 હજાર, 619 શ્રદ્ધાળુઓનો ત્રીજો જથ્થો જમ્મૂ બેસ કેમ્પથી અરનાથ જવા રવાના થયો છે.

આ સાથે જ જમ્મૂ આધાર શિબિરથી અમરનાથ ગુફા માટે રવાના થનારા શ્રદ્ધાળુઓનો આંકડો 15 હજાર થઈ ગયો છે. દેશના વિવિધ ભાગોમાંથી શ્રદ્ધાળુઓ યાત્રા માટે જમ્મૂ પહોંચી રહ્યા છે. 52 દિવસ સુધી ચાલનારી આ યાત્રા 19 ઑગસ્ટના રોજ શ્રાવણ પૂર્ણિમાએ પૂર્ણ થશે.

ગઈકાલે ત્રણ હજારથી વધારે શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફામાં પૂજા અર્ચના કરી હતી. યાત્રાને લઈને ખીણ પ્રદેશમાં ચાંપતો સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે.

# T20 FINAL-1

ભારતીય ટીમે 17 વર્ષ બાદ આઇસીસી ટી-20 વિશ્વકપ જીતી લીધો છે. રોહિત શર્માના નેતૃત્વમાં ફાઇનલ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને સાત રનોથી હરાવીને આ જીત હાંસલ કરી હતી.

પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમમાં વિરાટ કોહલીએ 59 બૉલ પર 76 રન અને અક્ષર પટેલે 31 બૉલ પર 47 રન બનાવતા, 20 ઑવરમાં 7 વિકેટના નુકસાને 176 રન બનાવ્યા હતા. ટી-20 વિશ્વકપના ફાઇનલમાં કોઈ પણ ટીમના આ અત્યાર સુધીનો સૌથી વધારે રન છે.

દક્ષિણ આફ્રિકા માટે એનરિક નૉર્ટજે અને કેશવ મહારાજે બે-બે વિકેટ ખેરવી હતી. 177 રનના લક્ષ્યાંકનો પીછો કરતા દક્ષિણ આફ્રિકા, હેનરિક ક્લાસેનના 52 રનોની મદદથી આઠ વિકેટના નુકસાને 169 રન બનાવી શક્યું.

ભારત તરફથી હાર્દિક પંડ્યાએ ત્રણ વિકેટ ખેરવી હતી, જ્યારે કે અર્શદીપ સિંહ અને જસપ્રિત બુમરાહાએ બે – બે વિકેટ ખેરવી હતી.

વિરાટ કોહલી પ્લેયર ઑફ ધી મેચ પંસદ કરાયા હતા. જ્યારે જસપ્રીત બુમરાહને આઠ મેચમાં 15 વિકેટ માટે પ્લેયર ઑફ ધી ટુર્નામેન્ટ ખિતાબથી સમ્માનિત કરાયા.

પુરસ્કાર મેળવ્યા બાદ વરિષ્ઠ ખેલાડી વિરાટ કોહલીએ ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસ જાહેર કર્યો. મેચ બાદ આયોજીત પ્રેસ કૉન્ફરેન્સમાં કૅપ્ટન રોહિત શર્માએ પણ ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસ લેવાની જાહેરાત કરી.

# T20 FINAL-2

રોહિત શર્માએ કહ્યું કે આ ફોર્મેટને અલવિદા કહેવાનો આનાથી સારો સમય ન હોઈ શકે. જોકે તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ વન ડે અને ટેસ્ટ ક્રિકેટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું ચાલુ રાખશે.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ ટી-20 વિશ્વકપમાં જીત બદલ ભારતીય ટીમને શુભેચ્છા પાઠવી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે ક્યારેય હાર ન માનવાની ભાવના સાથે ટીમ ઇન્ડિયાએ ઉત્કૃષ્ટ ખેલનું પ્રદર્શન કરતા અસાધારણ જીત હાંસલ કરી છે.

તો ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું કે ભારતીય ટીમનું શાનદાર પ્રદર્શન તેમના સમર્પણ અને મહેનતનું પરિણામ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના સંદેશમાં લખ્યું છે કે દેશને ટીમ ઉપર ગર્વ છે. તેમણે આ મેચને ઐતિહાસિક ગણાવી.